સીધા ધિરાણની યોજના હેઠળ અપાતી
લોન/ધિરાણમાં સરળીકરણ અને
એકસૂત્રતા લાવવા અંગે.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ SCW- ૧૦૧૫- ૧૮૨૭૯૭- ગ
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ૩-૬-૨૦૧૫

વંચાણે લીધાઃ

(૧) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર નો તા.૨-૭-૨૦૦૯ નો પરિપત્ર ક:પરચ-૧૦૦૯-૧૧૯૬-ગ

(૨) ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમ, ગાંધીનગરનો તા.૩-૩-૨૦૧૫ નો પત્ર ક્રમાંકઃગુસકાવિનિ-ન.બા.-૨૦૧૪-૧૫-૧૨૬૪૧

ઠરાવઃ-

સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ હેઠળના ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમમાં હાલમાં લોન / ધિરાણની મંજુરીની પ્રકિયાઓ અંગે નિયત થયેલ કાર્યપધ્ધતિનો અમલ કરવાના કારણે પણ વિલંબ થતો હોવાનું ધ્યાન પર આવેલ છે. આ બાબતે રાષ્ટ્રીય સફાઇ કર્મચારી નાણા અને વિકાસ નિગમ નવી દિલ્હી ધ્વારા (મહીલા સમૃધ્ધિ યોજના, માઇક્રો ક્રેડિટ ફાઇનાન્સ યોજના)ના ધિરાણ રૂ.૫૦,૦૦૦/- ના જામીનદારમાંથી મુકિત આપવાનો અને તેના બદલે પાંચ પોસ્ટડેટેડ ચેક લઇ ધિરાણ કરવાની દરખાસ્ત આમુખ (૧) ના દર્શાવેલ તા. ૩-૩-૨૦૧૫ ના પત્રથી ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમે દરખાસ્ત કરેલ હતી.

પુખ્ત વિચારણાને અંતે સફાઇ કામદાર જેવા નબળા વર્ગના લાભાર્થીઓના જામીનદાર થવા કોઇ સરકારી નોકરીયાતો અથવા સ્થાવર મિલ્કત ધરાવતા જામીનદારો મળતા ન હોવાથી રૂ.૫૦,૦૦૦/- ના ધિરાણમાં જામીનદારમાંથી મુકિત આપવા અને તેના બદલે પાંચ પોસ્ટડેટેડ ચેક લઇ ધિરાણ કરવાની દરખાસ્તને આથી મંજુરી આપવામાં આવે છે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તા.૨૨-૫-૨૦૧૫ની નોંધથી મળેલ અનમુતી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( એન.બી.પટણી )
સેકશન અધિકારી,
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ,
મેનેજીંગ ડીરેકટરશ્રી,
ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમ,
ગાંધીનગર

<u>નકલ રવાના:</u>

માન.મંત્રીશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
અગ્ર સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
વિભાગના તમામ બોર્ડ/ નિગમો (ગુ.સ.કા.વિ.નિ. મારફત)
એકાઉન્ટન્ટ જનરલ અમદાવાદ /રાજકોટ
જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર
બજેટ શાખા, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય,
સેકશન અધિકારીશ્રી(કોમ્પ્યુ.સેલ),સા.ન્યા.અને અ.વિ.ની વેબસાઇટ પર મુકવા વિનંતી સહ
પસંદગી ફાઇલ.